સંક્ષિપ્ત.

બાર વ્રતની ટીપ.

ગનિષ્ઠ મુનિરાજશ્રી બુદ્ધિસાગરજીના સદુપદેશથી

છપાવી પ્રસિદ્ધ કર્તા.

જૈન જ્ઞાનપ્રસારક મંડળ.

વીર સંવત્ ૨૪ ૫

શ્રી 'જૈન' પ્રિન્ટિંગ વર્કસ લિમિટેડ–સુરત.

ॐ

પ્રસ્તાવના.

જૈન ધર્મનું રહસ્ય તપાસી જોતા સ્વાભાવિક રીતે માલમ પડી આવે છે કે, તેનું બંધારણ બાંધનાર મહા જ્ઞાની મહાત્મા પુરૂષો જેવા કે તીર્થંકરો, ગણધર મહારાજાઓ અને આચાર્ય ભગવાનો હતા. આ મહાત્માઓએ જે જે ધર્મના ફરમાને ભવ્ય જીવોના હિતને અર્થે બનાવ્યા છે તેમા ઠેક ઠેકાણે વ્રત નિયમને માટે ઘણી મહેનત કરી અનેક મહાન ગ્રંથો રચ્યા છે- વાસ્તવિક રીતે જોતા દરેક ક્ષુલ્લક બાબતમા પણ યમ નિયમની અત્યંત જરૂર જણાય છે, જુઓ સૂર્ય પણ હમેશા પોતાનો ટાઇમ થતાં ઉદય થાય છે અને અસ્તમાન થાય છે. જે જીવ યમ નિયમમાં પ્રવૃત્ત રહે છે તે દરેક કાર્યમાં ફતેહમંદ નિવડે છે. અંગ્રેજ લોકો જે હાલમા આપના ઉપર રાજ્ય અમલ ભોગવે છે, તેઓ પણ યમ નિયમને બહુજ પસંદ કરે છે જુઓ તેઓ પોતાને ટાઇમ સાચવવા બાબત જેવુ લક્ષ રાખે છે તેવું ટાઇમ સાચવવાનું વ્રત ભાગ્યેજ આપનામા જોવામાં

આવશે. ઉપર જણાવેલુ એક સામાન્ય વતજ તેઓ પાળે છે પણ તે વ્રતથી તેઓ આપના કરતા સો ઘણું બલકે એથી પણ વધારે કામ કરી શકે છે, ત્યારે આપણે તો ધાર્મિક ફર માનોમા મહાન પુરૂષોએ જણાવેલા યમ નિયમો સાચવવા તરફ બિલકુલ બેભાન રહિએ છીએ, તો પછી નિયમથી ભ્રષ્ટ માણસો પોતાની ઉત્તમ ઇચ્છાઓ પાર પાડવા શી રીતે સમર્થ થાય તેટલા માટે નિગમવ્રતની કેટલી બધી આવશ્યકતા છે તે આપના જાણવામા આવ્યુ હશે.

જૈન ધર્મનુ મૂળ સમ્યકત્વ છે એમ જીનેશ્વર ભગવાનની વાણીદ્વાર આપણે જાણીએ છીએ. કે જે સમ્યકત્વ ભવ્ય જીવને આ દુર્ધર સંસાર સમુદ્ર પાર ઉતારવામાં પ્રવહણ (હોડી કે સ્ટીમર) સમાન થઇ પડે છે. મુક્તિ પ્રાપ્ત કરવાને માટે પૂર્વ પુરૂષોએ કહેલા શ્રાવકના વ્રત અંગિકાર કરવા જોઇએ ગૃહસ્થને શ્રાવકનાં વ્રત પ્રાણાતિપાતાદિ બાર છે આ બાર વ્રત શ્રાવક કહેવાતા મનુષ્યોએ અવશ્ય લેવા

જોઇએ. સઘળા પાળવાની શક્તિ ન હોય તો જેટલા બની શકે તેટલાતો અવશ્ય લેવા જોઈએ.

શ્રાવકના બાર વ્રત શી રીતે પાળવા વિગેરેની માહિતી આ દીપ રૂપી પુસ્તકમાં સારી રીતે આપેલી છે, એટલે અનેક ધર્મિષ્ટ બંધુઓને જે ક્ષણે ક્ષણે અગવડ પડતી રહી છે તે દૂર થશે.

હાલમાં પૂજ્ય મુનિ શ્રી બુદ્ધિસાગરજી મહારાજનું અત્રે ચોમાસું થયું છે. તેઓ શ્રી સુદર્શના ચરિત્ર નામે મહાપવિત્ર ગ્રંથનું વ્યાખ્યાન વાંચે છે. તેમા શ્રાવકના બાર વ્રત અંગિકાર કરવા બાબતમા શ્રેષ્ઠિ વિમલચંદ અને શ્રાવિકા ચંદ્રપ્રજ્ઞાનો દ્રષ્ટાન્ત આવે છે, તેનું મહારાજશ્રીએ એવું અસરકારીતે વર્ણન કર્યું. કે જેની અસરથી સંસારની જુઠી માયાના ફંદામા ફસાઇ ગએલા, અનેક ભયંકર વ્યસનોમાં આધીન થએલા અનેક જીવોએ પોતાથી બનની શકતી મુજબ નિયમ વ્રત અંગિકાર કરવાની જીજ્ઞાસા જણાવી છે, આ હેતુ લક્ષમાં રાખી નિયમ પાળનાર જૈન બંધુઓને ઉપયોગમાં આવવા માટેજ ખાસ કરીને આ દીપ છપાવવાની અગત્યતા સ્વીકારી છે.

આ ટીપમાં અમારાથી બનતા પ્રયાસે વ્રત નિયમ શી રીતે પાળવા તે સંબંધી સ્પષ્ટીકરણ કર્યું છે. છતાં કંઇપણ અસ્પષ્ટ રહ્યું હોય તો તેની સૂચના શ્રીમદ્ વિદ્વાન્ મુનિ મહારાજો વા સુજ્ઞ શ્રાવકો અમારા ઉપર લખી મોકલશે તો તેમનો આભાર સાથે સ્વીકાર કરવામાં આવશે.

આ ટીપમાં પ્રુફ કરેકશન કરતી વેળાએ મતિ અજ્ઞાનથી વા ચક્ષુ દોષથી જે કાંઇ દોષ રહ્યા હોય તેની ક્ષમા આપી સજ્જન પુરૂષો હંસની પેઠે ઉદાર બુદ્ધી વાપરી ઉદ્દેશ તરફ લક્ષ્ય આપશે. એજ

સુરત ગોપીપુરા	લી૦ સેક્રેટરી.
તા૦ ૧-૯-૧૦.	અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળી.

શ્રી બાર વ્રતની સંક્ષિપ્ત ટીપ.

સમ્યકત્વ.

૧ શુદ્ધદેવ—તે શ્રી અરિહંત બારગુણે કરીને સહિત અને(અઢાર દુષણ રહિત) છે.

જેમને જ્ઞાન દર્શન, ચારિત્ર ક્ષાયિક ભાવે થઇ જેને અનંત અનુષ્ટથી સંપૂર્ણ પ્રગટી છે. જે ચોત્રીશ અતિશયે યુકત છે. અને જે પાંત્રીશ ગુણયુકત વાણી વડે દેશના દે છે. તે સુદ્ધદેવ જાણવા.

૨ શુદ્ધગુરૂ—તે પચ મહાવ્રતના પાળનાવાળા સુ સાધુ.

જે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિએ કરીને આત્મ રમણમાં રમનારા, પાંચ ઇંદ્રિયોને દમન કરનારા, અનેક

દુ સહુ પરિષહને સહન કરનારા, સમતા રૂપી કાષ્ટને બાળી-
ને ભસ્મ કરનારા ક્ષણે ક્ષણે જ્ઞાનદર્શનાદિ ગુણપર્યાયે વધ-
નારા દશવિધ યતિધર્મ પાળવામા સાવધાન તે શુદ્ધ ગુરૂ કહેવાય

૩ શુદ્ધધર્મ—કેવળી ભાષિત

જે શ્રી અરિહંત તીર્થંકર સમવસરણમા બેસીને બાર પરખદા મધ્યે શ્રી ગણપદ ધારીને ત્રિપદી (ઉત્પાદ, વ્યય ધ્રૌવ્ય) તેના દાન પૂર્વક દ્વાદશાંગીની રચના કીધી ત્યા યથાર્થ અર્થના કરનાર શ્રી અરિહંત અને અર્થને અનુસરીને ગણધરોએ સૂત્રો રચ્યા તેને આગમ કહીએ એ આગમમા પ્રકાશ્યા જે ભાવ સકલ જીવોને દુર્ગતિમા પડતા અટકાવે તેને ધર્મ કહીએ એવા ધર્મને સદ્દહુ

અ. ઉપર પ્રમાણે ત્રણ તત્વ માટે માનવા અન્ય મિથ્યાત્વી દેવગુરૂ આદીકને કારણસર ન વુ પડે તો વ્યવહાર સાચવવાની જયણા સ્વલિંગી (વેષધારી) ને વ્યવહારથી તથા ઉપકાર બુદ્ધિથી વંદનાદિક કરવુ પડે તેની જયણા. ભુલથી અતત્વને તત્વ અને અધર્મને ધર્મ મનાઈ જાય તેની જયણા,

રોજ સવારના બનતા સુધી ઓછામા ઓછુ નવકારશીનુ પચ્ચખાણ કરવું અને સાંજે દુવિહાર કે ચોવિહાર કરવો.

શકિત પ્રમાણે દર વર્ષ રૂા. સાત ક્ષેત્રમા વાપરવા. સાત ક્ષેત્રના નામ (૧) સાધુ (૨) સાધ્વી (૩) શ્રાવક (૪) શ્રાવિકા (૫) દેરાસર (૬) જૈન પ્રતિમા અને (૭) જ્ઞાન

જ્યા દેરાસરનો જોગ હોય ત્યા રોજ એક વખત દર્શન કરવા. અને પૂજાની જયણા. જે દિવસે દર્શન ન થઈ શકે તે દિવસે ત્યાગ કરવો.

બારવ્રત.

૧ (દેશથકી) પ્રાણાતિપાત વિરમણ વ્રત.

કોઇ ત્રસ જીવને જાણી જોઇને સંકલ્પીને ઇરાદાપૂર્વક હણવાની બુદ્ધિએ હણવા નહિ. ઘર, કુપ, તળાવાદિકમાં આરંભ સમારંભે તથા વ્યાપારમાં તેમજ ઔષધાદિકના પ્રયોગથી હણાય તેની જયણા.

આ ખાલી જગ્યામાં પોતાને તે વ્રતના સબંધમાં વિશેષ લખવાની જરૂર હોય તો મુનીરાજને પુછીને લખી લેવું.

૨ (દેશથકી) મૃષાવાદ વિરમણ વ્રત.

૧—કન્યાલીક[૧] એટલે કે કન્યા સંબંધી સગપણ વિવાહાદિમાં જુઠું બોલવું નહિ.

૨—ગવાલીક[૨] એટલે ગાય પશુ આદિક ચોપગા જનાવર સંબંધી જુઠું બોલવું નહિ.

૧ નાની કન્યાને મોટી ન કહેવી અને મોટી કન્યાને નાની ન કહેવી વિગેરે. કન્યાલિકથી દરેક બે પગવાળા સંબધી જુઠુ નહિ બોલવાનો સમાવેશ થાય છે પણ વ્રત લેનારને જેવી અપેક્ષા હોય તેવી રીતે પચ્ચખાણ કરવુ

૨ ગવાલીયમાં દરેક ચાર પગવાળા પ્રાણી સબંધી ખોટુ બોલવાનો સમાવેશ થાય છે તો પણ વ્રત લેનારે ખાલી જગ્યામા આગાર રાખી લેવા, નાની ગાયને મોટી કહેવી અને મોટીને નાની કહેવી, થોડા દુધવાળીને વધારે દુધવાળી કહેવી અને વધારે વેતરવાળીને ઓછા વેતરવાળી કહેવી વિગેરે.

૧

૩—ભૂમ્યાલિક એટલે જમી, ખેતર, મકાન સબંધી જુઠું બોલવુ નહિ.

૪—થાપણમોસા એટલે પારકી થાપણ ઓળવવી નહિ.

૫—કુડી સાખ એટલે ખોટી સાક્ષી પુરવી નહિ

કોઈને દેહાંત શિક્ષા (ફાસીની) શિક્ષા થતી હોય તે વેળા અસત્ય બોલાય તેની જયણા.

જૈન ધર્મ ઉપર પ્રેમવા મોહથી જે અસત્ય બોલાય તેની જયણા.

આ ઉપરાંત જેઓને વિશેષ છુટ રાખવાની જરૂર જણાય તેઓએ નીચે લખી લેવું

૧ પોતાની જમીન વગેરે બીજાની કહેવી બીજાની જમીન વગેરે પોતાની કહેવી

३ (દેશથકી) અદત્તાદાન વિરમણ વ્રત.

१—ગાંઠ ન છોડવી

२—ખીસો ન કાતરવો

३—ખાતર ન પાડવું.

४—તાળું ન ભાગવું.

५—લુંટ ન કરવી

६—કોઈની પડી રહેલી કીંમતી ચીજ લેવી નહિ

આ ઉપરાંત જેઓને વિશેષ ત્યાગ કરવો હોય તેઓએ નીચેની જગ્યામાં લખી લેવું.

૪ (દેશથકી) મૈથુન વિરમણ વ્રત.

૧

સ્વ સ્ત્રી (પોતાની પરણેલી સિવાય પરસ્ત્રીનો સર્વથા કાયાથી ત્યાગ કરવો તેમજ તિર્યંચ તથા નપુંસક સાથે વિષય નો સર્વથા ત્યાગ કરવો.

સ્વપ્નમાં પરસ્ત્રીનો સંબંધ થવાથી જે મૈથુન દોષ લાગે તેની જયણા.

આઠમ ચાદશ આદિકના પચ્ચખાણ કરવાં હોય તો નીચે લખી લેવું.

૧. તેમજ સ્ત્રીઓએ (પરણેલા) પતી સિવાય પર પુરૂષનો સર્વથા ત્યાગ કરવો.

૫–(દેશથકી) પરિગ્રહ પરીમાણ વ્રત.

પરિગ્રહનુ નીચે પ્રમાણે પરીમાણુ કરવું.

૧– રોકડા રૂ. ખપે.

૨– સ્થાવર મિલ્કત (ઘર હાટ વિગેરે) રૂા. ની કીંમત ના ખપે

૩– સોના રૂપાના દાગીના તથા ઝવેરાત રૂા. ની કીંમત ના ખપે

૪– નોકર ચાકર (સંખ્યા)

૫– સોના રૂપા સિવાય બીજી ધાતુ રૂા ની કીંમત ના ખપે

*

૬– ફરનીચર રૂા. ની કીંમતનું ખપે

૭– જનાવર (સંખ્યા) ખપે

૮– તે * સિવાય બીજી મીલ્કત રૂા. સુધીનો ખપે

૯– ધાન્ય x કીમત રૂા. સુધી ખપે

---

* આ મિલ્કત ખરીદતી વખતે જેટલી કીમતની હોય તેટલી કીમતનો હિસાબ ગણવો.

x વ્યાપારને માટે જયણા.

૧

અથવા એકંદર રીતે રોકડ સ્થાવર, અને જગમ મિલ્કત બધું મળીને રૂ.   સુધીનું બપે

૧ એ પ્રમાણુ એકંદર નિયમ પણુ થાય છે

૬ દિશિ પરિમાણ વ્રત.

પૂર્વ દિશાએ	ગાઉ જવું ખપે.
અગ્ની ખુણામા	ગાઉ જવુ ખપે.
દક્ષિણ	ગાઉ જવું ખપે.
નૈઋત્ય	ગાઉ જવુ ખપે.
પશ્ચિમ	ગાઉ જવું ખપે
વાયવ્ય	ગાઉ જવું ખપે
ઉત્તર	ગાઉ જવુ ખપે
ઇશાન	ગાઉ જવું ખપે.
ઉર્દ્ધ (ઉંચે)	ગાઉ જવુ ખપે.
અધો (નીચે)	ગાઉ જવું ખપે.

આ ઉપરાન્ત કાગળ, તાર અને છાપાઓ વાંચવાની અગર લખવાની તેમજ માણસ મોકલવાની જયણા.

૭ ભોગોપભોગ પરિમાણ વ્રત.

ભોગ એટલે એકવાર ભોગવાય તે જેમકે પુષ્પ વિલે-પન ભોજન વિગેરે,

ઉપભોગ એટલે એકજ ચીજ બહુવાર ભોગવાય તે, જેમકે વસ્ત્ર, અલંકાર, ઘર, સ્ત્રી વિગેરે.

ઉપર પ્રમાણે ભોગ અને ઉપભોગની વસ્તુનું પરિમાણ કરવું તેને સાતમું ભોગોપભોગ પરીમાણ વ્રત કહે છે

તેને માટે હમેશાં ચૌદ નિયમ ધારવા.

૧—સચિત વસ્તુ રોજ ખપે

૨—દ્રવ્ય એટલે ખાવાપીવાના પદાર્થ રોજ ખપે

---

* ૧ પૃથ્વી—મટી મીઠું વિગેરે.

૨ પાણી—પીવા તથા નાવાને માટે પરિણામ કરવું.

૩ અગ્નિ—ચુલા સગડી, ચુલ વિગેરેનુ પરીમાણ.

૪ વાયુ—પંખા હિંડોળા ખાટ વિગેરેનું પરિમાણ કરવું.

૫ વનસ્પતી—અમુક વનસ્પતી ટીપમાંથી જે દિવસે જે ખાવી હોય તે ધારી લેવી.

* ૧

૩—વિગય એટલે ઘી તેલ દુધ દહીં ગોળ અને કડા વિગય ૭ વિગયમાંથી એક વિગયનો પ્રત્યેક દિવસે ત્યાગ કરવો

૪—વાનહુ એટલે ઉપાનહુ પગરખા તથા મોજા વગેરેની જોડ. ખપે.

૫—તંબોળ તે પાન સોપારી વિગેરે મુખવાસ ખપે

૬—વસ્થ એટલે વસ્ત્ર ખપે

૭—કુસુમ તે સુંઘવાની વસ્તુ ખપે

૮—વાહન[૨] એટલે ગાડી વહાણ ઘોડા વિગેરે ખપે

૯—શયન એટલે શય્યા અને આસન ખપે

૧૦—વિલેપન તે શરીરે ચોપડવાની વસ્તુ ખપે

વિગયનો ત્યાગ બે પ્રકારે થઇ શકે છે (૧) કાચો વિગયનો ત્યાગ એટલે દુધ વિગેરે મુળ પદાર્થનો ત્યાગ અને (૨) પાકો વિગયનો ત્યાગ એટલે મુળમાંથી બનેલા સઘળા પદાર્થનો ત્યાગ જેમકે દુધપાક મિષ્ટાન્ન વિગેરે.

૧. તળેલી ચીજ (પકવાન વિગેરે) તે ત્રણ ત્રણ પહેલા ભંજવુ

૨. ફરતુ, તરતુ અને ચરતુ.

૧૧—બ્રહ્મચર્યનો નિયમ ધારી લેવો.

૧૨—દિશિ[1] તે દશે દિશાએ   કોશ જવુ

૧૩—ન્હાણુ તે રોજ   વખત સ્નાન કરવું.

લોકાચારની જયણા

૧૪—ભક્ત તે ભોજન શેર   અને પાણી શેર

ખપ

[2]પંદર કર્માદાન.

૧ ઇંગાલ કર્મ—ચુનો, ઇંટ, નળીઆ, કોલસા, ભાડમાંથી નીકળે તેની જયણા ધુપેલ તેલ વિગેરે જે ભઠ્ઠીથી ચીજ પાકતી હોય તેનો ભઠ્ઠો કરાવીને તથા પકાવીને વેપાર ન કરવો.

૧ છઠ્ઠા વ્રતમા દિશિ પરિમાણ કરેલ હોય તેમાથી ઓછું કરવુ

૨ પંદર કર્માદાન માહેથી કોઇપણ ચીજના ગેર. ભાન્ડ રાખવા પડે તથા તેનો મટો કરવો પડે તેની જયણા

૨ વનકમ—તે પાન, ફુલ, શાક, લાકડાં વિગેરેનો વ્યાપાર ન કરવો.

૩ સાડીકર્મ—ગાડાં, હળ પ્રમુખ તૈયાર કરાવી તેનો વ્યાપાર ન કરવો.

૪ ભાડી કર્મ—ગાડી ઘોડા વિગેરે ભાડે આપવાનો વ્યાપાર ન કરવો, તેમ વહેંચવાનો વ્યાપાર ન કરવો. ઘરનુ વહેંચવું પડે તેની જયણા.

૫ ફોડીકર્મ--સુરંગ કરાવી જમીન ફોડાવવાનો ધંધો કરવો નહિ.

૬ દંત વાણિજ્ય—હાથી દાંત વિગેરેનો વ્યાપાર ન કરવો.

૭ લખ્ખવાણિજ્ય—લાખ તથા ગુંદનો વ્યાપાર ન કરવો.

૮ રસવાણિજ્ય--ઘી, ગોળ, તેલના વ્યાપારનો ત્યાગ કરવો. જયણા રાખવી હોય તો નિયમ કરી લેવો.

૯ વિષવાણિજ્ય--અફીણ ઝેર વિગેરેનો વ્યાપાર ન કરવો.

૧૦ કેશવાણિજય—પશુ પંખીના કેશ, ચામડાં, પીંછાં, ઉન, વિગેરેનો વ્યાપાર ન કરવો.

૧૧ યંત્ર પિલણ કર્મ—તે મીલ, જીન, સંચા, ઘાણી, ઘંટી વિગેરેથી ધંધો ન કરવો.

૧૨ નિર્લાંછન કર્મ—કોઇ બલદ ઘોડા વિગેરેને સમરાવવા નહિ.

૧૩ દવ—વનમા અગ્નિદાહ દેવો નહીં.

૧૪ શોષણકર્મ—સરોવર તળાવ વિગેરેના પાણીનું શોષણ કરાવવુ નહિ. કારણસર કુવા ટાંકા ગળાવવા પડે તેની જયણા.

૧૫ અસતી પોષણ—રમતને ખાતર કુતરા બીલાડા મેનાં પોપટ વિગેરે પાળવા નહિ.

આ પંદર કર્માદાનમા જેને જે રીતે ત્યાગમાં ફેરફાર કરવો હોય તેણે આ નીચેની જગ્યામાં અનુક્રમે લખી લેવુ.

૮ અનર્થદંડ વિરમણ વ્રત.

કોઇને ફાંસી આપતા હોય ત્યાં જોવા જવું નહિ, કોઇ પણ પક્ષીઓને ક્રીડાને માટે ઘેર પાળવા નહિ તેમજ કુતરા બિલાડાં વિગેરે હિંસક જાનવરોને પાળવા નહિ હાથી, ઘોડા. ઘેટા, કુકડા વિગેરેની લડાઈની રમત જ્યાં થતી હોય ત્યા જોવા જવું નહિ, જાનવરોના સરકસ આદીમા જવાય તેની જયણા રસ્તે ચાલતા જોવાય જવાય તેની જયણા બને ત્યા સુધી સ્રી કથા, રાજ કથા દેશ કથા તથા ભોજન કથા વિના કારણુ નહિ કરવાનો ઉપયોગ રાખવો પણ પચ્ચખાણુ નહિ

આ સિવાય કોઇપણ અનર્થ દંડ થતો હોય તો બનતાસુધી ઉપયોગ રાખવો પણ પચ્ચખાણુ નથી, શસ્રના વ્યાપારનો આમાં સમાવેશ થાય છે તો તેનો ત્યાગ કે જયણા નીચે લખો લેવુ આપણે હથીઆરનો વેપાર કરવો નહી પણ ઘરને માટે તથા વ્યાપરવાને માટે જયણા.

૯ સામાયિક વ્રત.

દર વર્ષે સામાયિક કરૂં રોગાદિક કારણે જયણા વરષની અંદર ન થાય તો બાકીના સામાયિકને બદલે દરેક સામાયિક દીઠ ત્રણ બાંધી નોકારવાળી ગણવી ચાલતા સુધી આળશ કરવી નહી.

૧૦ દિશાવગાસિક વ્રત.

ચૌદ નિયમ ધારવા અને સક્ષેપવાનો ખપ કરૂ એનો અધિકાર સાતમા વ્રતમાં આવેલો છે વળી પરંપરાથી દશ સામાયકનું દિશાવગાશિક વ્રત ચાલે છે તે દર વરષે   કરૂં. રોગાદિક કારણે જયણા.

૧૧ પૌષધ વ્રત.

દર વરષે આઠ પહોરના અથવા ચાર પહોરના પૌષધ કરૂ. આઠ પોહોરનો ન બને તો પોશા કરવા.

૧૨—અતિથી સવિભાગ વ્રત.

પાષધના પારણે અથવા તેમ ન બને તો વર્ષ એકમાં વાર સાધુને દાન આપ્યા પછી જમવુ. અને આખા વર્ષમાં કોઇ ઉત્તમ સાધુનો જોગ ન બને તો કોઇ ઉત્તમ સાધર્મી ભાઇને વાર જમાડીને પછી જમવું.

બારતિથિ	લીલોતરી (ત્યાગ કે જગણા લખવું)	ખાડવું ફળનું (ત્યાગ કે જયણા લખવું)
શુદ ૨		
૫		
૮		
૧૧		
૧૪		
૧૫		
વદ ૨		
૫		
૮		
૧૧		
૧૪		
૦))		

લીલોત્રી તથા લીલા ફળની ટીપ.

લીલોતરી તથા લીલા ફળ જે ખપે તેની નોધ આ નીચેના ખાલી પાનામા કરવી.

* બાવીસ અભક્ષ્ય.

નામ	ત્યાગ.	જયણા.
૧ મધ		
૨ માખણ		
૩ મદિરા		
૪ માંસ		
૫ ઉંબરાના ફળ		
૬ વડના ટેંટા		
૭ કોઠીંબડાં		
૮ પીપળની પેપડી		
૯ પીપળના ટેંટા		
૧૦ કૃત્રિમ બરફ (Ice)		

૧૧ ઝેર (અફીણ
વિગેરે)

૧૨ કરા

૧૩ કાચી માટી
મીઠું વિગેરે

૧૪ રાત્રી ભોજન

૧૫ બહુ ચીજ

૧૬ બોળો

૧૭ વીદલ

૧૮ રીંગણા

૧૯ અજાણ્યા ફળ

૨૦ તુચ્છ ફળ

૨૧ ચલિતરસ

૨૨ અનંતકાય

એ બાવીસ અભક્ષ્યનો ઔષધ કાજમાં આગાર છે.

*બત્રીશ અનંતકાયના નામ.

નામ.	ત્યાગ	જયણા.
૧ સુરણકંદ		
૨ વજ્રકંદ		
૩ લીલી હળદર		
૪ આલુ (બટેટા)		
૫ લીલો કચરો		
૬ સતાવરી		
૭ હીરલીકંદ		
૮ કુંવાર		
૯ થોર		
૧૦ ગળો		
૧૧ લસણ		
૧૨ વંશ કારેલા		

એ બત્રીશે અનંતકાયનો ઔષધ ભેષજમા આગાર છે.

૧૩ ગાજર

૧૪ લુણી

૧૫ લોડ

૧૬ ગિરીકરણી

૧૭ કુમળા પાન

૧૮ ખરસવો

૧૯ થેક

૨૦ લીલીમેથ

૨૧ લુણીના ઝાડની
છાલ

૨૨ ખીલોડા

૨૩ અમૃતવેલ

૨૪ મૂળા

૨૫ ભુમિકોળા

૨૬ નવાએકરા

૨૭ વાથુલાનીભાજી

૨૮ સુવરવેલ

૨૯ પાલકાની ભાજી

૩૦ કુણી આંબલી
(કોમળ ફળ)

૩૧ રતાળુ

૩૨ પીડાળુ

બાર તિથી	બ્રહ્મચર્ય પાળવુ	બ્રહ્મચર્યની ૦
સુદ ૨		
૫		
૮		
૧૧		
૧૪		
૧૫		
વદ ૨		
૫		
૮		
૧૧		
૧૪		
૦))		